પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩ | ૧૪ માર્ચ, ૨૦૨૨, સોમવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેનમાં પોલેન્ડ બોર્ડર પાસે રશિયાનો સૌથી મોટો હુમલો

## બોમ્બમારામાં ૯નાં મોત અને ૫૭ ઘાયલ : રશિયાની આર્મીએ લવીવ શહેરના યાવોરિવ સૈન્ય અડ્ડાઓ પર ઓછામાં ઓછામાં ૩૦ ક્રૂઝ મિસાઈલ છોડ્યા છે

મારિયુપોલ, તા.૧૩

પશ્ચિમ યુક્રેનમાં આવેલા સૈન્ય પ્રશિક્ષણ ઠેકાણા પર રશિયાએ હવાઈ હુમલો કર્યો છે. આ હવાઈ હુમલામાં ઓછામાં આછા ૯ લોકોનાં મોત થયા છે અને ૫૭ અન્ય લોકો ઘાયલ થયા છે. એક સ્થાનિક અધિકારીએ રવિવારે આ જાણકારી આપી હતી. રશિયાના આ હવાઈ હુમલાથી યુદ્ધ પોલેન્ડ બોર્ડર સુધી પહોંચી ચૂક્યું છે. આ પહેલાં રશિયાના એક વરિષ્ઠ રાજનયિકે ચેતવણી આપી હતી કે, વિદેશો પાસેથી યુક્રેનને મળતા શસ્ત્ર સરંજામને મોસ્કો નિશાન બનાવશે.





લવીવ પ્રાંતના ગર્વનર મક્સિમ કોજિત્સ્કાઈએ જણાવ્યું કે, રશિયાની આર્મીએ લવીવ શહેરના ઉત્તર પશ્ચિમમાં ૩૦ કિલોમીટર દૂર આવેલા યાવોરિવ સૈન્ય અડ્ડાઓ પર ઓછામાં ઓછામાં ૩૦ ક્રૂઝ મિસાઈલ છોડ્યા છે. આ સૈન્ય બેઝ પોલેન્ડ બોર્ડરથી ૩૫ કિલોમીટર દૂર યુક્રેન વિસ્તારમાં આવેલું છે.

અધિકારીઓનું કહેવું છે કે, રશિયાના સૈનિકોએ યુક્રેનના શહેર ઈવાનો-ફ્રેંકિવસ્ક સ્થિત એરપોર્ટ પર પણ ગોળીબાર કર્યો હતો.મેયર રુસ્લાન માર્ટસિંકિવિએ કહ્યું કે, આવા હુમલા કરીને રશિયા ડર અને અરાજકતા ફેલાવવા માગે છે.



ધ કાશ્મીર ફાઈલ - આજકાલ ભારતભરમાં જેણે ચર્ચા જગાવી છે એવા કાશ્મીર ફાઈલ્સ ફિલ્મના નિર્માતા અભિષેક અગ્રવાલ અને ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રી તથા અભિનેત્રી પલ્લવી જોષીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી તે પ્રસંગની તસવીર... પ્રધાનમંત્રી મોદીએ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મની પ્રસંશા કરતા કહ્યું કે, દેશની વાસ્તવિક સમસ્યાને પ્રસ્તુત કરવાનો પ્રસાય ખૂબ જ પ્રસંશનીય છે... અને તેમને સમગ્ર ટીમને બિરદાવી હતી... અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે પણ રવિવારે મોડીસાંજે ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મને કરમુક્ત જાહેર કરી છે...

# ઝેલેન્સકી, પુતિન સાથે વાતચીત કરવા તૈયાર

## જેલેન્સકીએ જણાવ્યું કે, તેમણે ઈઝરાયલના પ્રધાનમંત્રી બેનેટને મધ્યસ્થીના રૂપમાં કાર્ય કરવાની અપીલ કરી છે

કીવ, તા.૧૩

રશિયા અને યુક્રેન વચ્ચે આજનો યુદ્ધનો ૧૮મો દિવસ છે. છતાં બન્ને દેશો ટસથી મસ થવા તૈયાર નથી. પરંતુ આજે એક મહત્ત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જેરુસલેમમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. જેલેન્સકીએ જણાવ્યું છે કે, તેમણે ઈઝરાયલના પ્રધાનમંત્રી નફતાલી બેનેટને મધ્યસ્થીના રૂપમાં કાર્ય કરવાની અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે ગત ૬ માર્ચે ઈઝરાયલના પ્રધાનમંત્રી નફતાલી બેનેટે મોસ્કોની અચાનક મુલાકાત કરી રશિયા અને યુક્રેનની વચ્ચે સુલેહ

● અનુસંધાન પાન-૭ પર

# યુક્રેન સ્થિત ભારતીય દૂતાવાસ પોલેન્ડ શિફ્ટ કરવામાં આવશે

## ભારત સરકાર દ્વારા મોટો નિર્ણય : યુક્રેનના પશ્ચિમ ભાગમાં ઝડપથી બગડતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને, યુક્રેનમાં સ્થિત ભારતીય દૂતાવાસને પોલેન્ડમાં કામચલાઉ રીતે ખસેડાશે

નવી દિલ્હી, તા.૧૩

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૧૮ દિવસ વીતી ગયા છે અને ત્યાં સ્થિતિ સુધરવાને બદલે વધુ ગંભીર બની રહી છે. બંને દેશ ઝૂકવા તૈયાર નથી. આ દરમિયાન રવિવારે એક મોટી માહિતી આપતા વિદેશ મંત્રાલયે કહ્યું કે યુક્રેનના પશ્ચિમ ભાગમાં ઝડપથી બગડતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે નિર્ણય લીધો છે કે યુક્રેનમાં સ્થિત ભારતીય દૂતાવાસને પોલેન્ડમાં કામચલાઉ રીતે ખસેડવામાં આવશે. આ પહેલા રવિવારે પીએમ મોદીએ યુક્રેન સંકટને લઈને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. મળતી માહિતી મુજબ આ બેઠકમાં વિદેશ મંત્રી, નાણા

● અનુસંધાન પાન-૭ પર

# ચીનમાં ફરી વધતો કોરોના

ચાંગચુન, તા.૧૩

વર્ષ ૨૦૧૯માં કોરોના વાયરસની મહામારીની શરૂઆત ચીનથી થઈ હતી અને હવે ત્યાં ફરી એકવખત કોરોના માથું ઊંચકી રહ્યો છે. ચીનમાં ફરી એકવખત કોરોના વાયરસના કેસોમાં વધારો નોંધાયો છે. ત્યાંના અધિકારીઓએ જણાવ્યું કે કોરોના વાયરસના લગભગ નવા ૨ હજાર કેસો સામે આવ્યા છે કે જેમાં બેઈજિંગના ૨૦ સંક્રમિત સામેલ છે.

મળતી માહિતી મુજબ, ચાઈનામાં શનિવારે કોરોના વાયરસના ૧,૮૦૭ નવા કેસો સામે આવ્યા જ્યારે ૧૩૧ દર્દી બહારથી આવ્યા છે. ચાંગચુનમાં ચીને કોરોનાના વધતા કેસોને ધ્યાનમાં રાખતા ગત શુક્રવારે લોકડાઉન લગાડવા માટેનો આદેશ આપ્યો હતો. આ શહેરની વસ્તી આશરે ૯૦ લાખ જેટલી છે. પ્રશાસને ચાંગચુન સિવાય શાંડોંગ પ્રાંતના યુચેંગમાં પણ લોકડાઉનનો આદેશ આપ્યો છે કે જેની વસ્તી આશરે ૫ લાખ છે. દરમિયાન હોંગકોંગમાં પણ કોરોના વાયરસ માથું ઊંચકી રહ્યો છે. જ્યાં અધિકારીઓએ જણાવ્યું છે કે અહીં કોરોના વાયરસના નવા ૨૭,૬૪૭ કેસો નોંધાયા છે. ચીન દ્વારા શુક્રવારે ઉત્તર-પૂર્વમાં ૯૦ લાખ લોકોની વસતી ધરાવતાં ચાંગચુન શહેરમાં કોરોનાનાં વધતાં કેસોને જોતાં લોકડાઉન લાગુ કરવાની જાહેરાત કરી છે.

# દેશમાં દરરોજના ૫૦ કિમી હાઈવે બનાવવાનો રેકોર્ડ સર્જાશે

## ગ્રીન હાઈડ્રોજનથી દોડતી કાર આવવાની તૈયારી

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં બૂલેટ ટ્રેનનો પ્રોજેક્ટ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે પરંતુ હાઈવે બનાવવાના કામમાં ભારે તેજી આવી છે. હાઈવે કન્સ્ટ્રક્શનની બાબતમાં ભારતે એક રેકોર્ડ બનાવ્યો છે અને આ મહિને સરકાર પોતાનો જ રેકોર્ડ તોડશે તેમ પરિવહન અને હાઈવે મંત્રી નિતિન ગડકરીએ દાવો કર્યો છે. ચાલુ મહિને દેશમાં રોજના ૫૦ કિમી હાઈવે બનાવવાનો રેકોર્ડ સર્જાશે તેમ ગડકરીએ જણાવ્યું છે.

# શત્રુઘ્ન સિન્હા-બાબુલ સુપ્રિયોને પ.બંગાળમાં પેટા ચૂંટણીની ટિકિટ

## મમતા બેનર્જીએ બંગાળમાં સોંપી મોટી જવાબદારી

આસનોલ, તા.૧૩

કોલકાતા પછીનું પશ્ચિમ બંગાળનું સૌથી મોટું શહેર છે. અહીં અન્ય પાર્ટીઓનો દબદલો રહ્યા બાદ મોદી લહેરમાં બાજી પલ્ટાઈ હતી. ભાજપે અહીંથી બાબુલ સુપ્રિયોને મેદાનમાં ઉતાર્યા હતા અને ધારી સફળતા ભાજપને મળી હતી. સળંગ બે વખત આ બેઠક પરથી બાબુલ સુપ્રિયો વિજય બન્યા બાદ તેમણે ભાજપ સાથેનો છેડો ફાડી નાખ્યો હતો. હવે આ બેઠક પરથી શત્રુઘ્ન સિન્હાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

બાલીજંગ વિધાનસભા બેઠકના ધારાસભ્ય સુબ્રત મુખર્જીના નિધન બાદ તેમની બેઠક ખાલી પડી હતી. દક્ષિણ કોલકાતા સ્થિતિ બાલીજંગ પશ્ચિમ બંગાળની મહત્વની સીટ

● અનુસંધાન પાન-૭ પર

